ભૂમિપુત્ર, જતન અને ઈન્ડિયન એન્વાયર્નમેન્ટલ એસોશીયેશન દ્વારા આયોજિત

# ગુજરાતની કૃષિને લગતાં કેટલાંક સાંપ્રત મુદ્દાઓ વિશે રાજ્ય કક્ષાનો સંવાદ


**સંવાદ કાર્યાલય : જતન, વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા - ૩૯૦૦૨૧**

**ફોન : ૦૨૬૫-૨૩૭૧૪૨૯, ફેક્સ : ૦૨૬૫-૨૩૭૧૮૮૦, ઈ-મેઈલ : jatantrust@gmail.com**


**હેતુ :** ગુજરાતના કૃષિ વિકાસને યોગ્ય દિશા મળે તે હેતુથી વિકાસના કામમાં લાગેલા વિવિધ સ્તરના મિત્રો વચ્ચે સાંપ્રત મુદ્દાઓ પર સંવાદ થતા રહે અને એક-મેકના અનુભવો વહેંચતા રહીએ.

**સ્થળ :** વાશ્વિક ઓડિટોરિયમ, ગેરી કંપાઉન્ડ સામે, રેસકોર્સ, વડોદરા

**દિવસ :** તા. ૨૧-૨૨, જૂલાઈ, ૨૦૧૧

**સંવાદના મુદ્દા :**

૧. ખેતીમાં જંતુનાશકોની અનિવાર્યતા : એન્ડોસલ્ફાનના સંદર્ભે.

૨. ગુજરાતમાં જનીન રૂપાંતરિત પાકોની ખેતીનો દાયકો.

૩. બીટી. રિંગણ પરના પ્રતિબંધ પછીની સ્થિતિ અને તે વિશેના વૈજ્ઞાનિક તથ્યો.

૪. આદિવાસી વિસ્તારના કૃષિ વિકાસની દિશા : પ્રોજેક્ટ સન શાઈનના સંદર્ભે.

**સંવાદની ભાષા :**

કાર્યક્રમ ગુજરાતી ભાષામાં ચાલશે, ન છૂટકે હિન્દી કે અંગ્રેજી ભાષા વપરાશે.

**સંભવિત ભાગ લેનારા :**

ખેડૂતો, સરકારી અધિકારીઓ, વિજ્ઞાનીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, ખાનગી કંપનીના પ્રતિનિધિઓ, અને શહેરના જાગૃત નાગરિકો ૨૦૦ થી ૨૫૦ની સંખ્યામાં ભાગ લેશે.

**ભોજન-નિવાસની વ્યવસ્થા :**

નિવાસની વ્યવસ્થા ભાગ લેનાર સૌએ પોત પોતાની રીતે કરી લેવાની છે. સંવાદ સ્થળે ભોજન સંબંધી તમામ વ્યવસ્થા કરેલ છે, જેનો ખર્ચ આંશિક રીતે નોંધણી શુલ્કમાંથી કાઢીશું.

**નોંધણી :**

૧. સંવાદમાં ભાગ લેવા અગાઉથી નામ નોંધાવા અનિવાર્ય છે, તે માટે ઉપરોક્ત સરનામે લેખિત પત્ર, ફેક્સ કે ઈમેઈલથી વ્યક્તિનું નામ, સંપર્કની વિગત, ફોન નંબર, મોબાઈલ નંબર, ઉંમર, વ્યવસાય અને ભાગ લેવાનો હેતુ જણાવવો. નોંધણીની વિગતો મળ્યા બાદ ભાગ લેનારને પૂર્વ સૂચિત નોંધણી નંબર અને કાર્યક્રમની વધુ વિગતો મોકલવામાં આવશે. ભાગ લેવા આવતી વખતે પૂર્વ સૂચિત નોંધણી નંબર અવશ્ય લાવવો.

૨. સંવાદ માટેનો ખર્ચ લોક સહયોગથી ઊભો કરવાનો હોઈ વ્યક્તિદીઠ નીચે પ્રમાણેની સહયોગ રાશિ સ્થળ પર આપવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| વિજ્ઞાનીઓ, અધિકારીઓ, ઉદ્યોગ સાહસિકો | : | રૂ. ૨૦૦/- |
| નિવૃત્ત નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ | : | રૂ. ૧૦૦/- |

૩. નામ નોંધાવ્યા પછી રદ થઈ શકશે નહીં. રદ કરવાથી રસ ધરાવતા મિત્રો ભાગ ન લઈ શકે તેવું બનતું હોય છે.

| | | |
|---|---|---|
| **કપિલ શાહ** | **રજની દવે** | **બી. સી. પટેલ** |
| જતન | ભૂમિપુત્ર | ઈન્ડિયન એન્વયર્નમેન્ટલ એસોશીયેશન |

(વક્તાઓની યાદી,સહયોગી અને ભૂમિકા માટે પાછળ જુઓ.)

# ગુજરાતની કૃષિને લગતાં કેટલાંક સાંપ્રત મુદાઓ વિશે રાજય કક્ષાનો સંવાદ

---

## પૂર્વભૂમિકા

ગુજરાતનો કૃષિ વિકાસનો દર ઘણો ઊંચો છે. એકંદરે છેલ્લે ૧૦-૧૨ વર્ષમાં ચોમાસા સારા રહયા, સિંચાઇની સ્થાનિક વ્યવસ્થા ઊભી થઇ, બીટી કપાસના ભાવ સારા મળ્યા. પરિણામે, ગુજરાતના ખેડૂતો અગાઉ કરતા ખેતીમાંથી વધુ કમાતા રહયા છે.

તેમ છતાં એ વિચારવું જરૂરી છે કે શું વિકાસને માત્ર આર્થિક માપદંડોથી જ માપી શકાય ખરો? એ રીતે માપવાથી ચિરંજીવિતા (sustainability) ને ચૂકી જવાનું એક વિકસિત કહેવાતા શાણા સમાજને પોષાય ખરૂં? એક જમાનો હતો જયારે કૃષિની ટેકનોલોજીને માત્ર ખર્ચ : ફાયદા ગુણોત્તર (cost : benefit ratio) થી આપણે ચકાસતા હવે તેની પર્યાવરણીય અસર (environmental impacts) પણ ચકાસીએ છીએ. વિકસતો સમાજ વિકાસના માપદંડોને પણ ચકાસે છે અને ધોરણોને ઊંચા ઉઠાવતો રહે છે.

આ સમજ સાથે આપણે આ સંવાદ યોજી રહયા છીએ.

આપ જાણો છો તેમ એક જમાનામાં સલામત ગણાતું જંતુનાશક એન્ડોસલ્ફાન આજે સુપ્રિમ કોર્ટના આદેશથી ૮ અઠવાડિયા માટે પ્રતિબંધિત છે. તેનું ઉત્પાદન, વેચાણ અને વપરાશ કરવો ગૂનો છે. કૃષિ વિકાસની ઊંડી નિસ્બત સાથે કામ કરતો વર્ગ આ બાબતે બે ભાગમાં વહેંચાયેલો છે. કેરળમાં એન્ડોસલ્ફાનને કારણે થયેલી અસર ચિંતા કરાવે તેવી છે. દુનિયાના ૮ દેશોમાં તેના પર પ્રતિબંધની કાર્યવાહી ચાલી રહી છે, અથવા પ્રતિબંધ મુકાઇ ચુકયો છે. કેટલાંક મિત્રો કહે છે ભારતે પણ તેના ધોરણો સુધારી પ્રતિબંધ લાદવો જોઇએ, કેટલાંક કહે છે એન્ડોસલ્ફાન પર પ્રતિબંધ આવશે તો ખેડૂતો પાસેથી સસ્તું અને અસરકારક જંતુનાશક છીનવાઇ જશે. શું બંને પક્ષો ખેડૂતના હિતમાં વિચારે છે કે તેની પાછળ આર્થિક હિતો કામ કરે છે? આ ચર્ચાથી ઉપર ઉઠી શું જંતુનાશક વિનાની ખેતી શકય નથી? આપણે આ વિશે વિચારવાનું છે.

બીટી કપાસની કાયદેસરની ખેતીને એક દાયકો પૂરો થયો. ખેડૂતો કમાયા તેમ છતાં તેના ઉત્પાદકતાની દિશા શું સૂચવે છે? તેમાં ચાલતી ગેરકાયદેસરતાના જોખમો શા છે? તેની વિશે આપણે જાણકાર, સભાન, ચિંતિત છીએ ખરા? તેનાથી ખેડૂતોની બીજની પસંદગીના અધિકાર કે તક પર કોઇ અસર પડે છે? બીટી કપાસ સિવાય પણ જનીન રૂપાંતરિત પાકોની ગેરકાયદેસર ખેતી થાય છે તેનું શું?

તે જ રીતે બીટી રિંગણ અંગે પણ વિચારવાનું છે. ભારત દેશમાં પહેલીવાર એવું બન્યું કે કૃષિ ટેકનોલોજી અંગે વૈજ્ઞાનિકોના મત કરતાં લોકમત જુદો આવ્યો. આવા પાકોને મંજૂરી આપતાં પહેલાં શું પૂરી કસોટીઓ થાય છે? દુનિયાભરના વૈજ્ઞાનિક સંશોધનો શું સૂચવે છે? ઉતાવળ કરી દેવા પાછળ કોઇ કારણો છે? હકીકતે ટેકનોલોજી આપવાની જરૂર કોને છે? ખેડૂતને કે કંપનીને? પ્રતિબંધ લાદતી વખતે પર્યાવરણ મંત્રીએ કહેલું ''જયાં સુધી પૂરા સંશોધનો દ્વારા પ્રજાને અને વિજ્ઞાનીઓને સલામતીની ખાતરી ન થાય ત્યાં સુધી પ્રતિબંધ.'' પ્રતિબંધને આજે ૧૬ માસ પૂરા થયા તે દરમ્યાન શું ચાલી રહયું છે તે અંગે આપણે જાણીશું.

કૃષિ વિકાસમાં આદિવાસી વિસ્તાર પાછળ રહી ગયો ગણાય છે. આ પછાતપણું એટલે શું? રાજયની 'વન બંધુ કલ્યાણ યોજના' હેઠળ આદિવાસી ખેડૂતોની આવક બમણી કરવાની નેમ છે. તે માટે 'સન શાઇન પ્રોજેકટ' જેવી યોજનાઓ હેઠળ ખાનગી કંપનીઓના બિયારણો લાખોની સંખ્યામાં ખેડૂતોને વહેંચાઇ રહયા છે. તેની સાથે સરકારી ભલામણ કરતાં ય વધુ માત્રામાં રાસાયણિક ખાતરો અપાઇ રહયા છે. જેમાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સહકાર આપી રહી છે. જયારે કૃષિ રસાયણોની મર્યાદા સમજાતી જતી હોય, જયારે દુનિયાભરમાંથી ૪૦૦ થી વધુ વૈજ્ઞાનિકો એક આંતરરાષ્ટ્રીય મૂલ્યાંકન (IAASTD) ને અંતે એક સાથે કૃષિ રસાયણોમાંથી મુકત થવાની ભલામણ કરતા હોય, જયારે કૃષિ રસાયણોને 'કલાઇમેટ ચેન્જ' માટે જવાબદાર ગણવામાં આવતા હોય ત્યારે આવી યોજના હિતકારી ગણાય? તેના કોઇ વિકલ્પો છે? વિકાસ માટે સરકારની જવાબદારી શું? સરકારી સલાહથી મૂલ્યાંકન કરનાર એજન્સી આ યોજના વિશે શું કહે છે?

મિત્રો, આપણે ખુલ્લાં સાથે આ બધા મુદાઓને સમજવા માંગીએ છીએ અને તે માટે છે, આ સંવાદ. આપ, આપની સંસ્થાના કાર્યકરો તેનો ભરપૂર લાભ ઊઠાવો, આપનો અભિપ્રાય રજૂ કરો અને શકય હોય – યોગ્ય લાગે તો પગલાં ઉઠાવો તેવી વિનંતી છે.

**સંવાદના વકતાઓ :**

આ સંવાદમાં વકતા તરીકે નીચેના વ્યકિતાઓની **હાજરીની ખાતરી** મળી ચૂકી છે, જેનાથી આપને સંવાદની ગુણવત્તાના સ્તરનો ખ્યાલ આવશે.

૧. ડો. એમ. એચ. મહેતા, ભૂતપૂર્વ વા.ચા., ગુજરાત કૃષિ યુનિવર્સિટી
૨. ડો. સુદર્શન આયંગર, વા.ચા., ગૂજરાત વિદ્યાપીઠ
૩. ડો. પી. સી. કેશવન, એમ.એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન, ચેન્નાઇ
૪. કાર્તિકેય સારાભાઇ, નિયામક, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર
૫. શ્રીધર, થનલ - કેરળ
૬. કવિતા કરુગન્થી, આશા - બેંગ્લોર
૭. ડો. શાનબાગ, પ્રોફેસર, ફાર્મેકોલોજી, મણિપાલ યુનિવર્સિટી - કર્ણાટક
૮. ડો. ઝરણા પાઠક, આસી. પ્રોફેસર, ગૂજરાત ઇન્સ્ટિટયુટ ઓફ ડેવલોપમેન્ટ રિસર્ચ (GIDR) - અમદાવાદ
૯. કાંતિ શાહ – રજની દવે - સ્વાતિ દેસાઇ, સંપાદકો, ભૂમિપુત્ર – વડોદરા
૧૦. નીતા હાર્ડિકર, આનંદી - દેવગઢ બારિઆ
૧૧. ડો. રાજેન્દ્ર ખીમાણી, કુલ સચિવ, ગૂજરાત વિદ્યાપીઠ
૧૨. પ્રગતિશીલ ખેડૂતો - ખેડૂત પ્રતિનિધિઓ : પ્રફુલભાઇ સેંજલિયા, સર્વદમન પટેલ, બદરીભાઇ જોષી વગેરે.
૧૩. ડો. અનિલભાઇ કકકર, એકસલ - મુંબઇ

**સહયોગી સંસ્થાઓ :**

પર્યાવરણ સુરક્ષા સમિતિ, ઇન્સ્ટિટયુટ ઓફ એન્જીનીયર્સ-વડોદરા, આનંદી, ગૂજરાત વિદ્યાપીઠ, એમ.એસ. સ્વામીનાથન રીસર્ચ ફાઉન્ડેશન-ચેન્નાઇ, સાયન્સ આશ્રમ, થનલ-કેરળ, આશા-બેંગ્લોર, જી.આઇ.ડી.આર.-અમદાવાદ, અખિલ ભારત સજીવખેતી સમાજ-ગોવા, ભારતીય કિસાન સંઘ, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદ, માનવીય ટેકનોલોજી ફોરમ